જે માણસ સાચો હોય છે તે લોકોનાં હૃદયમાં રહે છે પણ જે માણસ દયાળુ હોય છે તે ઇશ્વરના હૃદયમાં રહે છે

- ગીતા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૪૨ | ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૪, રવિવાર; મહા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગુણોત્સવ હવે ૬-૭ માર્ચે યોજાશે

## ગુણોત્સવ માટેના મૂલ્યાંકનમાં ૬૦ટકા શૈક્ષણિક, ૨૦ટકા સંશાધનોનો ઉપીયોગ અને ૨૦ટકા લોકભાગીદારી અને જનજાગૃતિના રહેશે : સ્વમૂલ્યાંકન માટે પણ ઓ.એમ.આર. પ્રથા દાખલ કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ માટેનો કાર્યક્રમ પાંચ દિવસ માટે પાછો ધકેલાયો છે. ૧લી અને ૨જી માર્ચને બદલે હવે ૬ અને ૭ માર્ચના રોજ આ ગુણોત્સવ યોજવામાં આવશે.

શિક્ષણ વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગુણોત્સવના સ્વમૂલ્યાંકન પદ્ધતિમાં કરાયેલ બદલાવ અને કેટલાક વહીવટીય કારણોસર આ તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ગુણોત્સવના સ્વમૂલ્યાંકન માટે ૧૦૦ માર્કસ રાખવામાં આવ્યા છે. જેમાં ૬૦ ટકા મૂલ્યાંકન શૈક્ષણિક બાબતોને લઈ કરવામાં આવશે. ૨૦ ટકા મૂલ્યાંકન સંશાધનોના ઉપીયોગને લઈ કરવામાં આવશે. જ્યારે ૨૦ટકા લોકભાગીદારીથી થયેલ કામગીરીને આધારે કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૨ થી ૫ના બાળકો માટે વાંચન-લેખન અને ગણનમાં દરેકનાં પાંચ-પાંચ પ્રશ્નો પુછવામાં આવશે. જેમાં દરેક પ્રશ્નનું મૂલ્યાંકન બે-બે માર્કસનું રહેશે.

ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓને પણ તેમને ભણાવવામાં આવતા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ચાર મામલતદારોની બદલી

## ૭ નાયબ મામલતદારોને બઢતી સાથે બદલી અપાઈ : કલેક્ટર કચેરીમાં બદલીનો બીજો દોર આગામી સપ્તાહમાં

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ચાર મામલતદારોની બદલી અને ૭ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવતાં જિલ્લા તંત્રમાં ભારે બદલાવ આવવા પામ્યો છે.

રાજયના મહેસુલ વિભાગે મોડી રાત્રે ૮૯ મામલદારોની બદલી અને ૫૨ જેટલા નાયબ મામલતદારોની બદલીના હુકમો જારી કરતાં આ બદલાવ આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના ચાર મામલતદારો જે બદલી પામ્યા છે તેમાં કલોલ, દહેગામ અને માણસાના મામલતદાર ઉપરાંત જમીન ફાળવણીના મામલતદારનો સમાવેશ થાય છે. જયારે જિલ્લાના ૭ નાયબ મામલતદારોને બઢતી આપવામાં આવી છે તેમાં શ્રી ઈશ્વરભાઈ દેસાઈ, શ્રી ભીખાભાઈ પ્રજાપતિ, શ્રી એમ.એમ. ચૌહાણ, શ્રી બી.જી. વર્મા, શ્રી વસંતભાઈ પટેલ અને શ્રી વાય.એ. ઝાલાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત જે ૭ નાયબ મામલતદારોને મામલતદાર સંવર્ગમાં બઢતી આપી મુકવામાં આવ્યા છે તેમાં શ્રી એચ.એમ. ચૌહાણ (સુઈગામ) શ્રી વસંત પટેલ (પોશીના) શ્રી આઈ.એલ. દેસાઈ (ધાનેરા) શ્રી બી.જી. વર્મા (ઊંઝા) શ્રી બી.એ. પ્રજાપતિ (ઊમરાળા) અને શ્રી વાય.એ. ઝાલા (તલોદ) મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે.

કલેક્ટર કચેરીમાં તાજેતરમાં નાયબ મામલતદારોની બદલી બાદ હવે વધુ એક દોર આગામી સપ્તાહમાં હાથ ધરાય તેવી શકયતાઓ છે

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| શ્રી સી. કે. બ્રહ્મભટ્ટ | મામલતદાર કલોલ | મામલતદાર મહેસુલ તપાસણી કમિશનરની કચેરી |
| શ્રીમતી એચ.જી. પટેલ | મામલતદાર જમીન ફાળવણી | ચીટનીસ મધ્યાહન ભોજન યોજના કમિશનરની કચેરી |
| શ્રી બી.એ. પટેલ | મામલતદાર દહેગામ | મામલતદાર મેંદરડા |
| શ્રી બી.આઈ. પ્રજાપતિ | મામલતદાર માણસા | મામલતદાર વિજયનગર |
| શ્રી વી.પી. પટ્ટણી | મામલતદાર વિરમગામ | મામલતદાર માણસા |
| શ્રી કે.જી. વાઘેલા | મામલતદાર તારાપુર | મામલતદાર કલોલ |
| સુ શ્રી સાબેરા મલેક | મામલતદાર કૃષિમંચ-બોરસદ | મામલતદાર જમીન ફાળવણી |
| | શ્રી વી.જી. શેર | મામલતદાર દહેગામ |






# આજે પલ્સ પોલિયો અભિયાનનો બીજો રાઉન્ડ

## જિલ્લામાં ૮૦૦ થી પણ વધુ બુથ : ૭૦ જેટલી મોબાઈલ ટીમો : બે લાખથી વધુ બાળકોને આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આજે યોજાનાર પલ્સ પોલિયોના બીજા રાઉન્ડને લઈ આરોગ્ય તંત્રએ તેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે અને આજે સવારે ૮ વાગ્યાથી આ અભિયાન શરૂ કરવામાં આવશે.

જિલ્લામાં બે લાખથી પણ વધુ બાળકોને આવરી લેવામાં આવનાર છે. ગયા વખતે ગ્રામ્ય વિસ્તારમાં ૮૫ ટકા જેટલો લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાયો હતો જ્યારે ગાંધીનગર શહેરમાં ૧૦૩ ટકા જેટલી સિદ્ધિ નોંધાઈ હતી.

જિલ્લા તંત્ર દ્વારા આ અભિયાનને લઈ આ વખતે તમામ બાળકોને આવરી લેવામાં આવે તે માટે સંપૂર્ણ આયોજન કર્યું છે. જિલ્લામાં ૮૦૦ થી પણ વધુ બુથો પર પલ્સ પોલિયોના ટીપાં પીવડાવવામાં આવશે. આ માટે ૬૦ જેટલી મોબાઈલ ટીમો પણ બનાવવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય તંત્રના આ અભિયાનમાં વધુ કર્મચારીઓ જોડાશે અને ૧૭૦ થી પણ વધુ વાહનો વપરાશે. આ માટે રસીનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરી દેવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. જિલ્લામાં આ અભિયાનના અંતિમ રાઉન્ડને લઈ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ઈંટોના ભઠ્ઠા અને શ્રમિકોના પરિવારોના બાળકોને આવરી લેવા માટે ૭૦ જેટલી મોબાઈલ ટીમો બનાવવામાં આવી છે.





